ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૧૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૮૨ ટકા

## કડકડતી ઠંડીમાં તાપણાંનો આશરો



'ઓખી' વાવાઝોડાની અસરોમાં હાલ ઠંડીએ માઝા મુકી છે. હાડ થીજાવતી ઠંડીમાં ગરમ વસ્ત્રો સાથે ઠેર ઠેર તાપણાં થવા લાગ્યા છે. અચાનક જ શહેરીજનોને ઠંડીએ ઝપટમાં લઈ લેતા લોકો રીતસર ધ્રુજી રહ્યા છે. જેમાં સૌથી વધારે ગરમાવો તાપણાં થકી મળતો હોઈ શહેરમાં દુકાનો આગળ, સોસાયટીમાં કે વ્યવસાયિક સ્થળો નજીક તાપણા થવા લાગ્યા છે. રાત્રીએ તો ઠંડી હોય તે સ્વીકાર્ય બન્યું છે પરંતુ દિવસ દરમિયાન તાપમાન ગગડી જતા લોકોના જનજીવન ઉપર વ્યાપક અસરો ઉભી થઈ છે જે કારણે આ ઠંડીમાં ગરમાવો મેળવવા આજુબાજુથી લાકડાં તેમજ વેસ્ટ ઉભો કરી તાપણાં થઈ રહ્યા છે જે દ્દશ્યો શહેરમાં અનેક સ્થળોએ જોવા મળી રહ્યા છે.

# સે-૧ ઉમાંથી સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દી મળી આવ્યો

ગાંધીનગર, તા.૬

રાજયના પાટનગરમાં શિયાળાની સિઝનનો સ્વાઈન ફલુનો પ્રથમ કેસ સામે આવ્યો છે. શહેરમાં રોગચાળાની ભિતી વચ્ચે સે-૧ ઉમાં પોતાના પિયરમાં આવેલી યુવતિનો સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા તેને સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે તો તંત્ર દ્વારા દર્દીના સંપર્કમાં આવેલા વ્યકિતઓની તપાસ પણ કરી હતી. પણ કોઈ શંકાસ્પદ લક્ષણો કોઈનામાં જણાયા નહતા. તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે સર્વેલન્સની કામગીરી શરુ કરી દીધી છે.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી આબોહવામાં તફાવત જોવા મળ્યો છે ત્યારે ભેજવાળી અને ઠંડી આબોહવાને કારણે છેલ્લા કેટલાક દિવસથી બિન આરોગ્યપ્રદ સિઝનનો પ્રારંભ થઈ ગયો છે. જેને પગલે આરોગ્ય વિભાગે તમામ જિલ્લાને સ્વાઈન ફલુને લઈને એલર્ટ રહેવા માટે સૂચના આપી હતી ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ આઈસોલેશન વોર્ડ તૈયાર કરી રાખવામાં આવ્યો હતો અને ત્યાં દર્દીને અલાયદી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી. દરમિયાન ગઈ કાલે સાંજના સમયે શરદી-ખાંસી અને તાવ સહિત ગળામાં બળતરાથી પિડાતી ૩૨ વર્ષીય યુવતી શંકાસ્પદ જણાતા ફરજ પરના તબીબે તેણીનો એચ વન-એમ વનનો રીપોર્ટ કરાવ્યો હતો. જે આજે પોઝીટીવ આવ્યો છે. સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા જ દર્દીની સારવાર સઘન કરી દેવાઈ છે તો તેણીના રહેણાંક વિસ્તારમાંની આસપાસ તેમજ તેણીના સંપર્કમાં આવેલા વ્યકિતઓની પણ તપાસ કરવામાં આવી છે. પરંતુ તેમાંથી કોઈ પણ વ્યકિતને શંકાસ્પદ લક્ષણો જણાયા નથી. આ યુવતી પોતાના સાસરે કલોલ નજીકમાં ગામમાં રહેતી હતી અને છેલ્લા કેટલાક દિવસોથી જ પોતાના પિયર સે-૧ ઉમાં રહેવા આવી હતી. ઉલ્લેખનીય છે કે શિયાળાની ઋતુના પ્રારંભે આ પ્રથમ કેસ સ્વાઈન ફલુનો નોંધાયો છે. ત્યારે સ્વાઈન ફલુના વાયરસ સામે તકેદારી રાખવા માટે તંત્રએ નાગરીકોને સલાહ આપી છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર દહેગામ ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સભા સાંજે ૪.૦૦ કલાકે તાલુકા સેવા સદનની પાછળ સરદાર શોપિંગ સેન્ટર ખાતે યોજાશે.

## વાતવાતમાં

● મંગળવારે વરસેલા વરસાદ અને સતત વાદળછાયા વાતાવરણને પગલે શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પર અસર પડી હતી. કડકડતી ઠંડીમાં સવારની શાળાઓમાં અનેક વિદ્યાર્થીઓએ જવાનું ટાળ્યું હતું.

● મોબાઈલ નંબરને આધાર કાર્ડ સાથે લિંક કરવા માટે છેલ્લી તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી હોવા છતાં અત્યારથી મોબાઈલ મોબાઈલ કંપનીઓ દ્વારા ગ્રાહકોને સતત તાકીદ કરાઈ રહી છે. ગ્રાહકો આધાર લિંક કરવા માટે કોલ કરવા જાય ત્યારે નંબર ડાયલ કરતા પહેલા લાંબી લચક સૂચના અપાય છે જેના કારણે ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે.

## ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાનું ઉદઘાટન




ગાંધીનગર, તા.૬

ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના પ્રાંગણમાં તાજેતરમાં 'રાષ્ટ્રીય સેવા યોજના'નો શુભારંભ કરવામાં આવ્યો છે. એન.એન.એસ.નું કાર્ય સમુદાયની લાગણી, સમુદાયમાં વ્યકિતગત મહત્વ અને સમુદાયની સમસ્યા ઉકેલ, સામાજીક-નાગરિક જવાબદારી લોકતાંત્રિક અને ધર્મ નિરપેક્ષ વલણ, કટોકટીઓ અને રાષ્ટ્રીય આપત્તિ અને સૌથી અગત્યનું રાષ્ટ્રીય સંકલન અને સામાજીક સંવાદિતાને પહોંચી વળવા ક્ષમતા નિર્માણ કરવાનું છે.

રાષ્ટ્રીય યોજનાના શુભારંભ પ્રસંગે કુલપતિ પ્રોફેસર એસ.એ. બારીએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત માટે આ એક ઐતિહાસિક દિવસ છે. તથા તે યુનિવર્સિટી માટે એક સિમાચિહ્નરૂપ છે. તેમણે વિદ્યાલયના નવા વિદ્યાર્થી સ્વયંસેવકોને સમાજના તરફની તેમની ફરજો અને જવાબદારીઓને સંબોધિત કરીને ઉત્સાહીત કર્યા હતા. એન.એસ.એસ.ના કો ઓર્ડિનેટર પ્રોફેસર આલોક ગુપ્તે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે એનએનએસ તમામ વિદ્યાર્થીઓ માટે તાલીમ દ્વારા સમુહમાં કામ કરવા માટેનું પ્લેટફોર્મ હશે. જે તમને સકારાત્મક અને રચનાત્મક રીતે સમાજ અને રાષ્ટ્રમાં યોગદાન આપવા માટે સજ્જ કરશે. રાજય સ્તરના એન.એન.એસ.ના પ્રાદેશિક નિયામક કમલકુમાર કાર, એનએનએસ દ્વારા રાષ્ટ્રીયસ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ સમજાવી હતી. આ કાર્યક્રમમાં રાજયના એનએસએસ અધિકારી ડૉ. આર.કે. પટેલે એનએસએસ દ્વારા વિવિધ સ્તરે સામાજિક કલ્યાણ તરફના સર્જનાત્મક પ્રયત્નો વિષે માહિતી આપી હતી. આ પ્રસંગે રજીસ્ટ્રાર ડૉ. શુભ્રા ડે અને યુનિવર્સિટી ઓફ ગુજરાત એનએસએસના કાર્યક્રમ અધિકારી ડૉ. રજનીશ ગુપ્તાએ આભાર વ્યકત કર્યો હતો અને અંતે રાષ્ટ્રગીત ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

## નિવૃત્ત કર્મચારીઓમાં ઉગ્ર અસંતોષ : જેની સીધી અસર ચૂંટણી પર પડશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના સામાજિક કાર્યકર અને નિવૃત્ત સરકારી કર્મચારી આર.કે. નાયડુ અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાત સરકાર દ્વારા સાતમા પગારપંચ મુજબ ૧-૧-૨૦૧૬ પછી નિવૃત્ત થનાર રાજયના સરકારી કર્મચારી-અધિકારીઓનો એરીયર્સના નાણાં ચુકવવા માટે હજુ સુધી કોઈ સ્પષ્ટ હુકમ કરેલ નથી તદ ઉપરાંત તા. ૧-૧-૨૦૧૬ પછી નિવૃત્ત થયેલ કર્મચારી અને અધિકારીઓના રીવાઈઝ પેન્શન મંજુર થયા બાદ પણ જે તે ખાતા-કચેરીઓ દ્વારા ૩૦૦ રજા પગારના તફાવતના નાણાં છેલ્લા ચાર માસથી ગ્રાન્ટની ફાળવણી થયેલ નથી તેમ જણાવી નાણાં ચુકવાયા નથી આ બાબતે નિવૃત્ત કર્મચારી-અધિકારીઓમાં ઉગ્ર અસંતોષ જોવા મળી રહ્યો છે. જેની સીધી અસર આગામી ચૂંટણી ઉપર પડશે તે માટે સરકારે તાત્કાલીક અસરથી આ બાબતે નિર્ણય લેવા માટે આર.કે. નાયકે ભારપૂર્વક જણાવ્યું છે.

## ભાજપ મહાનગર બક્ષીપંચ મોરચામાં સ્થાન મળતા શહેરના પરપ્રાંતિય સમુદાયમાં હર્ષ ફેલાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટીના મહાનગર એકમના બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ વરણીમાં ગાંધીનગરમાં વસતા પરપ્રાંતીય સમુદાયના માધુભાઈ જે. પ્રજાપતિની ઉપપ્રમુખ તરીકે અને માંગીલાલ ગુર્જરની કાર્યાલય મંત્રી તરીકે વરણી કરવામાં આવતા આ સમુદાયમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. બંને હોદ્દેદારોને સમસ્ત રાજસ્થાન સમાજ તથા ગુજરાત પરપ્રાંતીય ઓબીસી અધિકાર મંચના કન્વીનર તુલસીભાઈ કે. માલી, તેલી (મોદી)સમાજના પ્રમુખ મદનભાઈ યુ. મોદી, મારૂ પ્રજાપતિ સમાજના પ્રમુખ નરેશભાઈ પ્રજાપતિ સહીત અન્ય અગ્રણીઓએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે.

## આર.એન. પટેલ પ્રાથમિક સ્કૂલમાં બાળાઓ માટે સેલ્ફ ડિફેન્સનું માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.૬

ભારત સરકાર દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ અભિયાન થકી મહિલા સશકિતકરણને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. આજના યુગમાં મહિલાઓએ 'સેલ્ફ ડિફેન્સ' શીખવાની તાતી જરૂર છે. આ સંજોગોમાં ગાંધીનગરના સે-૨ ઉમાં આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ધો-૫ થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે સ્વ સુરક્ષા અંગેના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં બાળાઓને મુસીબતના સમયે સ્વ બચાવ કેવી રીતે કરવો તે અંગેથી માંડીને તેમને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા કોશિષ કરવામાં આવી હતી.

સેલ્ફ ડિફેન્સ અંગે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને વિડિયો પ્રોજેકટર થકી સ્વ બચાવ અંગે તાલીમ આપવામાં આવી હતી. આ સાથે શિક્ષિકા બહેનો દ્વારા બાળાઓને મુંઝવતા શારિરીક, માનસિક પ્રશ્નો અંગે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ બાળાઓમાં વધુ આત્મ વિશ્વાસ કેળવાય તે હેતુથી મહિલા શકિતના પ્રેરક ઉદાહરણો પ્રસ્તુત કરાયા હતા તથા વિદ્યાર્થીનીઓને રોલ પ્લે દ્વારા સ્વબચાવ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં દર સપ્તાહે મહિલા સેતુ થકી એક તાસ મહિલા સશકિતકરણ અંગે યોજવામાં આવે છે.

## કુડાસણની વાઘાણી હોસ્પિટલ ખાતે રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૮

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રાધે સિગ્નેચર કોમ્પ્લેક્ષ ખાતે સ્થિત વાઘાણી ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે તા. ૧૭મી ડિસેમ્બર રવિવારના રોજ સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન શિબિર સવારે ૯ થી બપોરના ૧ કલાક સુધી યોજાશે. જેમાં રકત એકત્ર કરવાની સેવા અમદાવાદ જિલ્લાની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા પુડી પાડવામાં આવનાર છે. આ રકતદાન શિબિરમાં ભાગ લઈ અણીના સમયે કોઈ જરૂરિયાતમંદનો જીવ બચાવવાના પુણ્યકાર્યમાં સહભાગી બનવા ગાંધીનગરના રકતદાતાઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

## જિલ્લામાં પોલીસ કર્મીઓ તથા ગાંધીનગર રેંજના ડીઆઈજીશ્રી મયુરસિંહ ચાવડાએ પોસ્ટલ બેલેટથી કરેલ મતદાન





ગાંધીનગર, તા.૬

ગાંધીનગર વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી કામગીરીમાં જોડાયેલ જિલ્લા હોમગાર્ડ-પોલીસ સ્ટાફ, ગ્રામ્ય રક્ષક દળ, એસ.આર.પી. સહિતના કર્મીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કરીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગાંધીનગર રેંજના ડીઆઈજીશ્રી મયુરસિંહ ચાવડાએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

ગાંધીનગરના પોસ્ટલ બેલેટના નોડલ ઓફિસર અને ડેપ્યુટી સુપ્રિ.ઓફ સ્ટેમ્પ શ્રીમતી તૃપ્તિ જે.વ્યાસે જણાવ્યું હતું કે ગાંધીનગર એસ.આર.પી.ગ્રુપના જવાનો અમદાવાદ ખાતે કાયદો અને વ્યવસ્થાની ફરજો બજાવે છે તેમના માટે તા.૬-૧૨-૨૦૧૭ના રોજ મેઘાણીનગર ઘોડા કેમ્પ ખાતે મતદાન મથક દ્વારા ૩૯૬ પોલીસ જવાનોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું હતું.

## જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ



ગાંધીનગર, તા.૬

ભારત દેશ માટે બંધારણના રચયિતા, દલિત સમાજના મસીહા વિશ્વ વિભૂતિ, ડૉ. બાબા સાહેબ આંબેડકરને છઠ્ઠી ડિસેમ્બરના રોજ વિધાનસભા સામે ચ રોડ પર આવેલી પ્રતિમાને પુષ્પાંજલિ, દલિત સેના પ્રમુખ ગાંધીનગરના બાબુલાલ મેસરવાલા, તેમજ ઉપપ્રમુખ ગુલાબચંદ પટેલ કવિ લેખક અને અનુવાદક, તથા મહામંત્રી રમેશભાઈ વાણિયા, દિનકરભાઈ પરમાર અને ઉપપ્રમુખ મહેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત ડૉ. બાબાસાહેબ આંબેડકર અમર રહો તેવા સૂત્રો પણ બોલાવવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નાગપુરનું ભાષણ અને લંડનમાં રંગુનનું ભાષણ પુસ્તક સૌને ભેટ આપવામાં આવ્યું હતું. વરસાદ હોવા છતા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### દેહદાન-મહાદાન

શ્રી ગણપતભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ. ૭૬, પ્લોટ નં. ૨૭૫/૧, સેકટર-૩-બી ગાંધીનગરનું તા. ૫મી ડિસેમ્બરે અવસાન થયું હતું. તેઓના કુટુંબીજન નયનાબેન તથા પવનભાઈની સંમતિથી સ્વર્ગસ્થનું દેહદાન લેવામાં આવેલ છે. ઉપરોકત દેહદાન ડી.એમ.કે. શાહ મેડીકલ કોલેજ ચાંદખેડાને અર્પણ કરવામાં આવેલ છે. ડૉ. એસ.વી. પટેલ જુસીકાના કાર્યકર દિનેશભાઈ દવે, જે.એન. પરીખ આ વખતે ઉપસ્થિત રહ્યા હતા.

## ઈટાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચોરોનો હાથફેરો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલા ઈટાદરા ગામની પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એક મહિલા કર્મચારીનું પર્સ ચોરી થઈ જતા ચકચાર મચી જવા પામી છે. પી.એચ.સી. સેન્ટરમાં લેબોરેટરી ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારીએ તેમનું પર્સ તિજોરીમાં મુકયું હતું. દરમિયાન તિજોરીમાંથી આ પર્સ કોઈ ઉઠાવી જતા મહિલા કર્ચમારીએ માણસા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

માણસાના ઈટાદરા પીએચસીમાં ફરજ બજાવતા ૫૭ વર્ષીય લેબ ટેકનીશીયન બીનાબેન વાસુદેવભાઈ ઠાકર અમદાવાદ ઘાટલોડીયા વિસ્તારમાં તેમના ભાઈ સાથે રહે છે. વર્ષ ૨૦૧૪થી ઈટાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તેઓ ફરજ બજાવે છે. ૨૮ નવેમ્બરના રોજ તેઓ નોકરીએ ગયા ત્યારે બપોરના અરસામાં પોણા બારથી બાર વાગ્યાની વચ્ચે તેમની ઓફીસમાં ટેબલની બાજુમાં આવેલી સરકારી તિજોરી (કબાટ)માંથી તેમના પર્સની ઉઠાંતરી થઈ ગઈ હતી. તેમણે મુકેલા બ્રાઉન પર્સને પંદર મિનિટ દરમિયાન કોઈ શખ્સ ઉઠાવી ગયો હતો. આ પર્સમાં સોનાની વીંટી રૂ. ૩૬૦૦ રોકડ તથા ડ્રાઈવીંગ લાયસન્સ અને ઘર તથા કારની ચાવી હતી. રૂ. ૧૫૬૦૦ની મત્તા ભરેલું પર્સ ચોરી થઈ જતા આ મામલે માણસા પોલિસ સ્ટેશનમાં બીનાબેને ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## મતદાન જાગૃતિ માટે વિદ્યાર્થીઓએ ચિત્રો દોર્યા



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં કડકડતી ઠંડી સાથે વિધાનસભાની ચૂંટણીઓનો ગરમાગરમ માહોલ જોવા મળી રહ્યો છે. આ માહોલમાં રાજકીય પક્ષોના કાવાદાવા તથા નકારાત્મક રાજનીતિ જોઈને મતદાર મતાધિકારનો ઉપયોગ કરવા માટે નિરુત્સાહી બની શકે છે. આ પરિસ્થિતિમાં ચૂંટણીતંત્ર ઉપરાંત શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ મતદાન જાગૃતિ અંગે પ્રયાસો કરાઈ રહ્યાં છે. ગાંધીનગરના સે. ૨૩માં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા મતદાન જાગૃતિ અંગે ચિત્રસ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં અવનવા ચિત્રો વડે વિદ્યાર્થીઓએ લોકશાહીના પ્રાણ સમાન મતદાનના મહત્વને ઉજાગર કર્યુ હતુ.

મતદાન જાગૃતિ ચિત્ર સ્પર્ધામાં એ.એ.પટેલ કોમર્સ કોલેજના ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પોતાની કલ્પનાશક્તિના આધારે મતદાન જેવી પવિત્ર ફરજને સમાજ સમક્ષ નવી પેઢીના અંદાજ મુજબ પ્રસ્તુત કરી હતી. આ ચિત્રસ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાંથી સેમેસ્ટર-૨ની નુતિ પટેલ પ્રથમ ક્રમાંકે, ડિમ્પલ પટેલ દ્વિતિય ક્રમાંકે જ્યારે સેમેસ્ટર-૬ની સોનમ ગોર તૃતીય ક્રમાંકે વિજેતા જાહેર કરાઈ હતી. આ વિદ્યાર્થીનીઓને કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા તથા એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી સહિત સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે કોલેજના એનએનએસ યુનિટના સેક્રેટરી જૈમિન પટેલ, પિંકલ પટેલ, નિલાંજના રાય, વિરલ ચાવડા અને કુલદીપ રથવીએ જહેમત ઉઠાવી હતી.

## બાળકોને એક દિવસીય પ્રવાસમાં મોજ



હરવુ-ફરવુ અને કુદરતના ખોળે આનંદ કિલ્લોલ કરવો એ બાળકોની મનગમતી પ્રવૃત્તિ હોય છે. બાળકોમાં સમૂહ ભાવના કેળવાય તે હેતુથી સે-૨ ઉની આર.એન. પટેલ પ્રાથમિક સ્કૂલના ૬૦ બાળકોને એક દિવસીય પ્રવાસે લઈ જવાયા હતા. આ બાળકોને અડાલજ પાસેના વૈષ્ણોદેવી મંદિર, ત્રિમંદિર, જમિયતપુરા ખાતેના પ્રભા હનુમાનજી મંદિરની મુલાકાત કરાવાઈ હતી. આ પ્રવાસમાં બાળકોએ સમૂહ નાસ્તા સાથે ચીકી-વેફરનો આનંદ માણ્યો હતો.

### અવસાન નોંધ

ચક્ષુદાતા સ્વ. હેમલત્તાબેન રૂદ્રપ્રસાદ ઓઝા, તે રૂદ્રપ્રસાદ હરિપ્રસાદ ઓઝાના પત્નીનું બેસણું તા. ૭-૧૨-૨૦૧૭ને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૮૦/૧, સેકટર-૬-બી, ગ-૨ સર્કલ પાસે, ગાંધીનગર ખાતે રાખેલ છે.

### ચિરવિદાય

- સ્વ. દેવશીભાઈ નરોત્તમરામ ઠાકોર, ઉ.વ. ૧૮
- સ્વ. બળદેવભાઈ લાલજીભાઈ મિસ્ત્રી, ઉ.વ. ૮૦
- સ્વ. મહેતા ભરતકુમાર અરવિંદભાઈ, ઉ.વ. ૪૩
- સ્વ. પરમાર ગફુરભાઈ જેણાભાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. આચાર્ય શારદાબેન મોહનલાલ, ઉ.વ. ૯૨